# પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

## જાહેરનામુ

## ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧

ક્રમાંક:ક.૨/હદવિસ્તાર/સા.મતી રિ.ફ્(ઇ.વે)/ ૧૯૨ /૧૭.
તારીખ: ૧૦/૦૨/૨૦૧૭.

વંચાણે લીધા :- અત્રેની એ.૨ શાખાના તા.૨૬/૫/૧૫ ના સાબરમતી રિવરફ્રન્ટ (ઇસ્ટ) તથા વેસ્ટ પો.સ્ટે.ના જાહેરનામા ક્રમાંક: ક.૨/હદવિસ્તાર/૭૦૮/૧૫.

આમુખ-(૧) માં દર્શાવેલ જાહેરનામાથી સાબરમતી રિવરફ્રન્ટ (ઇસ્ટ) તથા સાબરમતી રિવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસ સ્ટેશનના હદ વિસ્તાર નક્કી કરતાં જાહેરનામા બહાર પાડવામાં આવેલ છે. જે હદ વિસ્તારમાં આંશિક ફેરફાર સાથેનું સુધારેલ જાહેરનામું સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૨ થી મળેલ સત્તાની રૂએ હું એ.કે.સિંઘ પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર તા:૧૧/૨/૨૦૧૭ ના કલાક: ૦૦.૦૦ થી અસ્તિત્વમાં આવે તે રીતે હુકમ કરુ છું.

**સાબરમતી રિવર ફ્રન્ટ (ઇસ્ટ) પોલીસ સ્ટેશનનો હદ વિસ્તાર :-**

સાબરમતી રિવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં સાબરમતી નદીના પૂર્વ કાંઠે ઇન્દીરાબ્રીજ થી શરૂ કરી, વાસણા બેરેજ સુધી કે જ્યાં રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઓથોરીટીની એક્વાયર કરેલ સહિતની તમામ જગ્યા તથા ફૂટપાથ/રોડ/પાર્ક/મેદાન/ એક્ઝીબીશન એરીયા તથા પાર્કિંગ નક્કી કરેલ છે તે સાબરમતી રિવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસ સ્ટેશનની હદમાં રહેશે.

જ્યારે નદીના પટમાં પાણીનો વિસ્તાર ગાંધી બ્રીજથી ઉત્તર તરફ ઇન્દીરાબ્રીજ પછી સાબરમતી નદીના કિનારે રાસ્કા પ્રોજેક્ટની પાણીની પાઇપ લાઇન સુધીનો નંદીગ્રામ સોસાયટીથી ઇન્દીરા બ્રીજના છ નંબરના પિલ્લર સુધી પૂર્વનો નદીના પાણીના પટનો ભાગ સાબરમતી રિવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસ સ્ટેશનની હદમાં રહેશે. જ્યારે છ નંબરના પિલ્લરથી સામેનો પશ્ચિમ ભાગ જે તે અડાલજ પોલીસ સ્ટેશનની ગાંધીનગર જીલ્લાની હદનો હોઇ, અડાલજ પોલીસ સ્ટેશનની હદમાં રહેશે. અને ઇન્દીરાબ્રીજ થી ગાંધીબ્રીજ સુધીનો નદીના પાણીનો ભાગ પણ ઇસ્ટ પોલીસ સ્ટેશનની હદમાં રહેશે.

ઇન્દીરાબ્રીજ થી વાસણા બેરેજ સુધી આવતા બ્રીજના ઉપરના રોડનો ભાગ જે તે પોલીસ સ્ટેશન વિસ્તારની હદમાં રહેશે.

<u>સાબરમતી રિવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસ સ્ટેશનનો હદ વિસ્તાર :-</u>

સાબરમતી રિવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં સાબરમતી નદીના પશ્ચિમ કાંઠે ઇન્દીરાબ્રીજ મધર ડેરી થી શરૂ કરી, વાસણા બેરેજ સુધી કે જ્યાં રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઓથોરીટીની એક્વાયર કરેલ સહિતની તમામ જગ્યા તથા ફૂટપાથ/ રોડ/પાર્ક/ મેદાન/ એક્ઝીબીશન એરીયા તથા પાર્કિંગ નક્કી કરેલ છે તે રિવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસ સ્ટેશનની હદમાં રહેશે.

જ્યારે નદીના પટમાં પાણીનો વિસ્તાર ગાંધીબ્રીજ નીચેના ભાગ સહિત દક્ષિણ તરફ શાસ્ત્રીબ્રીજ સુધીનો સાબરમતી નદીના પાણીનો ભાગ સાબરમતી રિવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસ સ્ટેશનની હદમાં રહેશે.

ઇન્દીરા બ્રીજ થી વાસણા બેરેજ સુધી આવતા બ્રીજના ઉપરના રોડનો ભાગ જે તે પોલીસ સ્ટેશન વિસ્તારની હદમાં રહેશે.

તારીખ:૧૦/૦૨/૨૦૧૭

સ્થળ : અમદાવાદ.

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

પ્રતિ,

- તમામ પોલીસ સ્ટેશન / શાખાઓના પો.ઇ.શ્રીઓ (વધારાની ૧૦ નકલો સાથે)
  - ૨/- જાહેરનામાની નકલો જાહેર જગ્યાએ ચોંટાડી તેની નોંધ એક નકલ પર કરવી અને તે નકલ ઓફીસ રેકર્ડમા રાખવી.
- તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ.
- મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક શાખા (વધારાની ૧૦ નકલો સાથે)
  - ૨/- લાઉડ સ્પીકર સાથે બહોળો પ્રચાર કરવા સારૂ.
- જન સંપર્ક અધિકારીશ્રી.
  - ૨/- પ્રેસનોટ બહાર પાડવા સારૂ.
- સીનીયર આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટરશ્રી, ભદ્ર તથા મીરઝાપુર કોર્ટ, અમદાવાદ શહેર ( ૧૮ + ૧૮ નકલો સાથે)
- મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, વડોદરા.
  - ૨/- ગર્વમેન્ટ ગેજેટ ભાગ-૪ માં એસ્ટેટ / ઓર્ડીનરી ગેજેટમાં તાત્કાલીક પ્રસિધ્ધ કરી ગેજેટની ૨૦૦ નકલો અત્રેની કચેરીને તાત્કાલીક મોકલવા સારૂ.
- પોલીસ કમિશ્નરશ્રીની કચેરી તથા મુખ્ય મથકની સઘળી શાખાઓ તરફ.

.........3......